## રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર–૮૧/૨૦૧૩

## //અંાક–૫ ની અરજી તળે હુકમ//

(૦૧)..વાદીએ હાલની અરજીકામચલાઉ મનાઈ હુકમ મેળવવા અર્થે દાખલ કરેલ છે. અરજીની ટુકમાં હકીકત એવી છે કે,મોજે ગામ કુરચણ,તાલુકો–આમોદ,જિલ્લો–ભરૂચની વસ્તી મધ્યે કોળીવાળા ફળીયામાં અનુક્રમ નંબર–૧૫૭ અને મિલકત નંબર–૧૩૭ થી ઘર તથા ગભાણ આવેલ છે.જેની ચર્તુદિશાનુ વર્ણન વાદીએ તેની અરજીમાં જણાવેલ છે અને વાદીએ એવુ કથન કરેલ છે કે આ મિલકતના તેઓ કબજેદાર અને માલીક છે અને વાદી પિતા પુત્ર થાય છે અને વાદી નંબર–૧ને વખતો વખત કોર્ટમાં ન આવવું પડે તેથી તેઓ વાદી નંબર–ર ને સામેલ કરેલ છે અને દાવાવાળી મિલકત એ ઘર તથા ગભાણ વાદીની વડીલોપાર્જીત છે અને વાદી તે મિલકત વર્ષોથી વાપરતા આવેલા છે અને વાદી રહે છે અને વાદીના ગામમાં સીટી સર્વે નંબર નથી.

વાદીના ગામમાં સરપંચશ્રી વલી ઉંમરજી છેલ્લા દસ વર્ષથી ગામમાં સરપંચ છે અને તેમના સગાઓએ ગામમાં દબાણ કરીને ગેરકાયદેસર રીતે બાંધકામ કરાવે છે અને બીજા ઈસમોની પાસે દબાણના બહાના હેઠળ માપણી કરાવવાની માંગણી કરે છે અને ગામમાં અસંખ્ય માણસોને ખોટી નોટીસ આપીને પૈસા પડાવવાનો ધંધો કરે છે અને તઓ વાદીને સને–૨૦૦૯થી વખતો વખત ખોટી નોટીસો આપેલ છે અને માપણી કરાવેલ છે.પંચાયત,ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતે દબાણ અંગેની કાયદેસરની કાર્યવાહી કરવાની હોય છે પરંતુ વાદીના ગામના સરપંચ દબાણ બાબતે સિધ્ધે સિધ્ધાં પ્રતિવાદી નંબર–૩ જે જિલ્લા દબાણ અધિકારી છે અને તેઓને ગામમાં બોલાવે છે અને ખોટી ખોટી માપણીઓ કરાવે છે અને તે પ્રમાણે તારીખ ૧૮/૧૨/૨૦૧૩ના રોજ તેઓ પ્રતિવાદી નંબર–૩ નાઓએ વાદીને માપણી કરાવા આવવાના છે તે અંગેની લેખીતમાં જાણ કરેલ અને વાદીને તમોએ દબાણ કરેલ છે તે તોડાવી નાંખીશું તેવી ધમકીઓ આપેલ અને તારીખ ૧ ૮/૦૫/૨૦૧૩ ના રોજ પ્રતિવાદીએ વાદીના ગામમાં આવેલ અને દબાણ દુર કરવા આવેલા છો તો તમારી પાસે કયાં રજીસ્ટ્રર કે ગભાણ પત્રકના આધારે તમો માપો છો તેમ વાદીએ પુછતાં પ્રતિવાદી નંબર–૩ના એ વાદીને જણાવેલ કે,તમારે કશું જોવાનું નથી.દબાણ કરે છે તે દબાણ તોડી પાડીશું અને પ્રતિવાદી નંબર–૩ના જણાવ્યા મુજબ જો વાદીની મિલકતમાં તોડ ફોડ કરે તો વાદીને નિવારી ન શકાય તેવું નુકશાન જાવાનો સંભવ છે અને જેનો બદલો નાણાંથી ભરપાઈ ન થઈ શકે જેથી પ્રાયમાફેસી કેસ અને બેલેન્સ ઓફ કન્વીન્યન્સ તેઓ વાદીનાલાભમાં હોવાનું જણાવેલ છે અને આઅરજી કરીને વાદીએ એવી દાદ માગેલ છે કે,(અ)..પ્રતિવાદીઓ જાતે અગર તેમના માણસો કે પ્રતિવાદીના ઓથા હેઠળ અ મારા ગામના સરપંચ કાયદેસર કાર્યવાહી કર્યા સિવાય અમારી મિલતમાં તોડફોડ

કરે કરાવે નહી.તેવો પ્રતિવાદીઓને દરમ્યાન મનાઈ હુકમ ફરમાવશો.(બ)..આ અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદીઓની પાસેથી અપાવશો,(ક)..આપનામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી હરકોઈ દાદ અપાવશોજી.

(૦૨)..વાદીની હાલની અરજી અંગે પ્રતિવાદીઓની સામે અરજન્ટ કારણદર્શક નોટીસ કાઢવામાં આવેલ છે જે નોટીસ પ્રતિવદીઓને બજતાં પ્રતિવાદીઓએ હાજર થઈ આંક–૨૦ થી વાદીના દાવા અરજી તથા દરમ્યાન મનાઈ અરજીનો લેખીત જવાબ આપેલ છે જેમાં તેઓએ વાદીની દાવા અરજી તથા દરમ્યાન મનાઈ અરજીનો મહંદ અંશે ઈન્કાર કરેલ છે.

પ્રતિવાદી પોતાના જવાબમાં એવી તકરાર ઉઠાવેલ છે કે,વાદીએ દાવો કરતા પહેલા પંચાયત ધારા હેઠળ કોઈ નોટીસ આપેલ નથી.જેથી વાદીનો દાવો તથા દરમ્યાન મનાઈ અરજી ચાલવાપાત્ર નથી અને જેથી તે રદ્દ થવાનેપાત્ર છે અનેવાદીએ દબાણ અધિકારીને પક્ષકાર તરીકે દાખલ કરેલા છે.તેઓ સરકારી કમર્ચારી છે અને તેઓએ તેમના ફરજના ભાગરૂપે કોઈ કાર્યવાહી કરે તો તેઓ સામે દાવોકરતા પહેલા પંચાયતધારા હેઠળ તથા સિવીલ પ્રોસીજર કોડ ૮૦ હેઠળ નોટીસ આપવી જોઈએ જે અથવા તો તે નોટીસ વેવ કરવી જોઈએ તે થયેલ નથી.જેથી પણ વાદીનો દાવો તથા દરમ્યાન મનાઈ અરજી ચાલવા પાત્ર નથી તેવું જણાવેલ છે.

વધુમાં પ્રતિવાદી એવી તકરાર ઉઠાવેલ છે કે,વાદી જે દાદ માગેલ છે તેવી દાદ સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૩૮ હેઠળ માંગી શકાય નહી અને દબાણ તોડફોડ કરવાનો અધિકાર નથી તેવી પણ માંગણી કરી શકાય નહી.વાદીની આકારણી પત્રકમાં નામ ચાલે છે તે તથા મિલકતની કેટલી લંબાઈ પહોળાઈની છે તે મિલકતનો કોઈ આધાર વાદી પાસે નથી અને કોઈપણ ખાનગી મિકલતના માલીકી સિવાયની મિલકત પંચાતયને વેસ્ટ થયેલી જગ્યા ગણાય તેની માપણી કરાવવી દબાણ મપાવવા એ પંચાયતની ફરજનો ભાગ છે.પંચાયત ધારા હેઠળ દબાણ દૂર કરવાની સત્તા પંચાયત ધરાવે છે અને વાદીને વખતો વખત નોટીસ આપેલ છે તેમછતાં તેઓ મિકલત અંગેના આધાર રજુ કરેલ નથી અને વાદી માપણીવાળી જગ્યાનો ખોટો આધાર રજુ કરીને રક્ષણ મેળવી શકે નહી અને  વાદી દાવાના જોરે દબાણ ટકાવી રાખવા માંગે છે.વાદી પાસે કોઈ વેલીડ ટાઈટલ નથી અને દબાણ કરતાઓને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના આધારે મનાઈ હુકમ આપી શકાય નહી.પ્ર ોત્સાહિત કરી શકાય નહી અને કાયદેસરની કાર્યવાહી કરવામાં વાદીને મનાઈ હુકમ મેળવવાનો કોઈ અધિકાર નથી અને ઉસ્માન મહંમદ તથા મહંમદ મુસાએ દબાણ કરેલું તે અંગેની પ્રતિવાદી દબાણ

અધિકારીને જાણ કરેલી અને તે અંગે તાલુકા વિકાસ અધિકારીએ પણ ઉસ્માનને નોટીસ આપેલી અને દબાણની કાયદેસરની કાર્યવાહી પ્રતિવાદી કરતા હોય જેથી કોર્ટમાં દાવો કરેલ છે તેવો ખોટો બચાવ ઉભો કરીને મનાઈ હુકમની માગણી કરેલ છે તેવું જણાવેલ છે અને વાદીને કામચલાઉ મનાઈ અરજી ખર્ચ સંહિત નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

ઉપરોકત જવાબ પ્રતિવાદી નંબર–૧ નાએ આપેલ છે અને પ્રતિવાદી નંબર–૨ અને પ્રતિવાદી નંબર–૩ ના તર્ફેથી વિધ્વાન વકીલશ્રી એમ.આઈ.દોલાએ આંક–૨૧ થી પુરશીસ આપીને પ્રતિવાદી નંબર–૧ નો જવાબ પ્રતિવાદી નંબર–૨ અને ૩ નો ગણી લેવાની જાહેરાત કરેલ છે.

(૦૩)..આકામે વાદીએ દરમ્યાન મનાઈ અરજીના સમર્થનમાં નીચે મુજબના આંક– ૦૩ ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | નિશાની | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૩/૦૧ થી | મોજે ગામ કુરચણની મિલકતનંબર–૧૩૭ની આકારણી પત્રકની નકલ રજુ થયેલ છે. |
| ૦૨ | ૦૩/૦૨ થી | મોજે ગામ કુરચણની મિલકતનંબર–૧૩૭નું માંગણાબીલની નકલ રજુ થયેલ છે. |
| ૦૩ | ૦૩/૦૩ થી | મોજે ગામ કુરચણની મિલકતનંબર–૧૩૭નું માંગણાબીલની નકલ રજુ થયેલ છે. |
| ૦૪ | ૦૩/૦૪ થી | મોજે ગામ કુરચણની મિલકતનંબર–૧૩૭નું માંગણાબીલની નકલ રજુ થયેલ છે. |
| ૦૫ | ૦૩/૦૫ થી | ગ્રામપંચાયત કુરચણ ધ્વારા વાદીને આપેલ નોટીસની સ્થળપ્રત રજુ થયેલ છે. |
| ૦૬ | ૦૩/૦૬ થી | ગ્રામપંચાયત કુરચણ ધ્વારા વાદીને આપેલ નોટીસનો વાદીએ તેના વિધ્વાન વકીલશ્રી મારફતે આપેલ નોટીસનો જવાબ રજુ થયેલ છે. |
| ૦૭ | ૦૩/૦૭ થી | ગ્રામ પંચાયત કુરચણએ વાદીને તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે આપેલ નોટીસની સ્થળ પ્રત રજુ થયેલ છે. |
| ૦૮ | ૦૩/૦૮ થી | ગ્રામપંચાયત કુરચણ ધ્વારા વાદીને આપેલ નોટીસની સ્થળપ્રત રજુ થયેલ છે. |
| ૦૯ | ૦૩/૦૯ થી | ગ્રામપંચાયત કુરચણ ધ્વારા વાદીને આપેલ નોટીસની સ્થળપ્રત રજુ થયેલ છે. |
| ૧૦ | ૦૩/૧૦ થી | ગ્રામપંચાયત કુરચણ ધ્વારા વાદીને આપેલ નોટીસની સ્થળપ્રત રજુ થયેલ છે. |

આ સિવાય વાદી તર્ફેથી કોઈ જ દસ્તાવેજો રજુ થયેલ નથી.

આ કામના પ્રતિવાદીઓ તર્ફેથી કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.

(૦૪)..આ દાવામાં દાવાવાળી મિલમતનું કોર્ટ કમિશ્નરશ્રી મારફતે પંચનામું કરવા અરજી આવતા તે અરજી ઉપર હુકમ કરવામાં આવેલ છે અને કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુંક થયેથી કોર્ટ કમિશ્નરશ્રી સ્થળ ઉપર જઈને પંચનામું અને નકશો તૈયાર કરેલ છે અને કોર્ટ કમિશ્નરશ્રીએ તૈયાર કરેલ પંચનામું આ કામે આંક–૧૬ના દસ્તાવેજી લીસ્ટથી નિશાની ૧૬/૪ થી રજુ થયેલ છે.તે પંચનામાની હકીકતો જોતા તેમાં એવી હકીકતો જાહેર થયેલ છે કે,"વાદીએ કોર્ટ કમિશ્નરની નિમણુંક કરવાની અરજી આપતા નામદાર કોર્ટે અમોશ્રી ટી.ટી.ગોવર્ધનનાઓની કોર્ટ કમિશ્નર તરીકે નિમણુંક કરી.અમો કોર્ટ કમિશ્નર આજ રોજ તારીખ ૧૧/૦૧/૨૦૧૩નારોજ દાવાવાળી તકરારી જગ્યાએ હાજર થયા.પંચનામા સમયે પક્ષકારો તથા તેમના પંચો હાજર રહયાઃ– અમો પંચોઃ–

| | રહેવાસી | ઉંમર | ધંધો |
|---|---|---|---|
| (૦૧)..દશરથભાઈ મગનભાઈ વસાવા | કુરચણ | ૪૦ | ડેપ્યુટી સરપંચ કુરચણ., |
| (૦૨)..કમલેશભાઈ જશુભાઈ વસાવા | કુરચણ | ૩૨ | પંચાયત પટ્ટાવાળા., |
| (૦૩)..મહંમદ ઈસ્માઈલ પટેલ | કુરચણ | ૫૭ | ખેતી. |

ઉપરોકત દાવાવાળી તકરારી જગ્યાએ હાજર થઈ લખાવીએ છીએ કે,દાવાવાળી તકરારી જગ્યા મોજે–કુરચણ,તાલુકો–આમોદની વસ્તી મધ્યે આવેલ છે.જેની ચર્તુદિશા નીચે મુજબ છે.

પૂર્વે–આર.સી.સી.રોડતથા તેની સામેથી મુસા ઉંમર કંપડવંજવાલા,ઈબ્રાહિમ આદમ , ઈસ્માઈલ ભામા વિગેરેના મકાનો આવેલા છે.

પશ્ચિમ–કાચો રસ્તો તથા ઈબ્રાહિમ વલી ઈસ્માઈલનું ઘર તથા વાદીનું ખુલ્લું ગભાણ

ઉત્તરે–વાદીનું જુનું ઘર તથા ઈકબાલ વલી વિગેરેના મકાનો છે.

દક્ષિણે–ખુલ્લી જગ્યા તથા આર.સી.સી.રોડ તથા અન્ય મકાનો આવેલા છે.

સદર તકરારી જગ્યામાં વાદીએ મકાન બનાવેલ છે તે પાકુ મકાન ઉપર ગેલ્વેનાઈઝના પતરાથી બનાવેલ છે.સદર મકાનના આગળના ભાગ એટલે કે દક્ષિણ બાજુની પૂર્વ–પશ્ચિમ લંબાઈ ૨૨ ફુટ ૪ ઈંચ છે.ત્યારબાદ સામે ઓટલો જે પાકો ચણેલ છે.તે એડી ૩૨ ફુટ

ખુલ્લી જગ્યા આવેલ છે.વાદીએ બનાવેલ મકાનના આગળના ભાગે પાકો ઓટલો ચણેલ છે તે ઓટલો ૪'૫'' નો બનાવેલ છે.

સદર તકરારી જગ્યામાં વાદીએ જે મકાન બનાવેલ છે ત મકાનના કુલ ત્રણ દરવાજા બે સાડેલા છે એટલે કે,દક્ષિણે,પૂર્વે તથા પશ્ચિમે દરવાજો બેસાડેલ છે.સદર તકરારી જગ્યાની પશ્ચિમે વાદીએ સંડાસબનાવેલ છે તથા પાંકોઓટલો બનાવેલ છે.સદર તકરારી જગ્યાની પશ્ચિમે કાચો રસ્તો છે તથા ઉત્તરે વાદીનું જુનુ ઘર પતરાવાળું છે.તેની પાછળની એટલે કે પશ્ચિમની દિવાલ કાચી અને જર્જરીત છે તે દિવાલની સાથે નાના મોટા ઈંટોના જુના ટુકડા,જુની ચોરસ ઈંટો,લાકડાની વળીઓ તથા ખીલા જણાય છે તથા એક–બે જુના પતરાની અડાળું બનાવેલ છે તથા એક જુનું પતરૂ આડુ મુકેલ છે.સદર તકરારી જગ્યામાં વાદીનું જુનુ ઘર છે તેનો દરવાજો પૂર્વ તરફનો છે.જે આગળની પૂર્વની દિવાલ પાકી છે તથા પાકકો ઓટલો જુનો છે.સદર વાદીના નવા મકાનની લંબી ઉત્તર–દક્ષિણની ૨૭'૧''છે તથા ઓટલો ૪'૫''છે.સદર તકરારી જગ્યાના પશ્ચિમે વાદીની પશ્ચિમની દિવાલે નીચે એક ચોકડી કપડા ધોવા માટેની બનાવેલ છે તથા પ્લાસ્ટિકનું ૨૦૦ લીટરનું પાણીનું ડ્રમ તથા પત્થર મુકેલ છે.

ઉપર મુજબનું પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ લખેલ છે.જે બરાબર અને ખરૂ હોય અમો પંચોએ આ નીચે સહીઓ આપેલી છે.''

આમ ઉપરોકત મુજબનું પંચકયાસ પંચોની રૂબરૂ કોર્ટ કમિશ્નરશ્રીનાઓએ તૈયાર કરેલ છે.

(૦૫)..આકામના વાદી તર્ફેથી વિધ્વાન વકીલશ્રી એન.એચ.પટેલે દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે,દાવાવાળી જગ્યા વાદીની માલીકી અને કબજા ભોગવટા છે અને વર્ષોથી તેઓ તે મિલકતમાં રહે છે અને તે મિલકત વાદીની વડીલોપાર્જીત મિકલત છે.મોજે ગામ કુરચણ એ નાનું ગામ છે.ત્યાં સીટી સર્વે દાખલ થયેલ નથી પરંતુ ગ્રામ પંચાયત છે પાંચસો માણસનો વસ્તિ ધરાવતું ગામ હોય ત્યારે ગ્રામ પંચાયતની જોગવાઈઓ મુજબ ગૃપ ગ્રામ પંચાયત થાય અને તેનું જોડાણ ગૃપ ગ્રામ પંચાયત બને અને એક હજારની વસ્તિ ધરાવતા ગામને ગ્રામ પંચાયત બનતી હોય છે.ગ્રામ પંચાયતની જે મિલકત સરકારશ્રી ધ્વારા એલોટ કરેલ હોય તે સરકારી મિલકત જ ગ્રામ પંચાયતની મિકલત બને છે.જયારે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭ મુજબ જે કોઈ મિલકત ખાનગી મિલકત નથી તે તમામ મિલકત સકરારશ્રીની મિકલત છે અને તે જયાંસુધી પંચાયતની તે મિલકત સોપે નહી ત્યાંસુધી

તે મિલકત સરકારશ્રીની ગણાય જેથી કોઈપણ કાર્યવાહી કરવી હોય તો તે સરકારશ્રીની રહે છે.ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧મુજબ જે વ્યકિત કોઈ હકીકતનું પક્ષપાદન કરતો હોય એટલે કે,કોઈ વ્યકિત કોઈ હકીકત ખરી હોવાનું જણાવતો હોય ત્યારે તે હકીકત તે વ્યકિતે પુરવાર કરવી જોઈએ નહી કે તેવી કહકીકતનો જે ઈન્કાર કરવાવાળી વ્યકિતને જેથી જે વાદી જે મિલકતમાં રહે છે તે મિલકત પંચાયતની છે તેવું પ્રતિવાદી જણાવે છે તે અગે પ્રતિવાદી તે મિલકત ગ્રામ પંચાયતની છે તેવું બતાવવા કોઈ સરકારી હુકમનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવો જોઈએ પ્રતિવાદી તર્ફેથી આવો કોઈ પુરાવો રજુ કરેલ નથી મોઘમ રીતે આ મિલકતના માલીક પંચાયત છે તે હકીકત જણાવેલ છે.વાદીની વડીલોપાર્જીત મિલકત છે અને વડીલો વખતથી રહે છે અને વડીલોપાર્જીત મિલકત છે ત્યારે તેઅંગે વાદી પાસે કોઈ વેચાણદસ્તાવેજ કે અન્ય આધાર પુરાવો ન હોવાને લાગે વળગે છે ત્યારે જયારે ગામ બનતું હોય ત્યારે ખુલ્લી જગ્યામાં લોકો રહેવા લાગે છે અને ત્યારબાદ તેઓનો વસ્તાર થતા અને ધિરે ધિરે ગામ બની જાય અને તે રીતે વાદી વડીલો વખતે વસેલ છે.તેઓ મકાન પણ બનાવેલ છે ત્યારે તે મિલકતના માલીકનો દસ્તાવેજ વાદી પાસે ન હોય તે સ્વભાવીક બાબત છે પરંતુ આકારણી પત્રક જોતા તેમાં વાદી મિલકતના માલીક બતાવેલ છે તેવો બીજો મોટો પુરાવો શું હોઈ શકે અને આકારણી પત્રકની નિભાવવાની ફરજ ગ્રામ પંચાયત કચેરીની છે તે વિરૂઘ્ધની પ્ર તિવાદીની રજુઆત છે અને પ્રતિવાદી તે કોઈ સામાન્ય માણસ નથી.પરંતુ એક સંસ્થા છે અને વિલજ પંચાયત એકટ હેઠળ અન્વયેની પંચાયત છે.જો તેવી હકીકત હોય કે વાદીએ દબાણ કરેલ છે તો કયાં આધારે દબાણ કરેલ છે તે હકીકત સ્પષ્ટ રીતે જણાવવી જોઈએ પ્રતિવાદીએ માત્ર તમોએ દબાણ કરેલ છે તેવું કથન કરી રાખેલ છે પરંતુ પંચાયતે તે અંગેનું કોઈ રેકર્ડ કે નકશો છે તેવો કોઈ આધારભુત દસ્તાવેજ રજુ કરેલ નથી અને પ્રતિવાદી જે તકરાર ઉઠાવેલ છે તે જોતા નોટીસ આપેલ નથી તેથી દાવો ચાલવા પાત્ર નથી તેવી તકરાર ઉઠાવેલ છે અને નોટીસ વેવ કરેલ નથી તેવી તકરાર ઉઠાવેલ છે.પરંતુ પંચાયતનું કૃત્ય જે ગેરકાયદેસરનું હોય ત્યારે નોટીસ આપવી જરૂરી નથી અને નોટીસ આપ્યા સિવાય પણ દાવો ચાલી શકે તેવું નામદાર ગુજરાત વડી અદાલતના અનેક ચુકાદાઓ છે અને પ્રતિવાદી નંબર –૧ જે સરપંચ છે તેઓ પંચાયતનોવહીવટ કરવાનો અને લોકોના કલ્યાણી લક્ષી કાર્યવાહી કરવાનું સંચાલન કરવાનું છે.પંચાયત માલીક નથી.પંચાયતનો વહીવટ તાલુકા વિકાસ અધિકારી મારફતે કરવાનો હોય છે.જયારે આ કામે પ્રતિવાદી નંબર–૧ સરપંચ છે દબાણના નામે લોકો ને ખોટે ખોટી નોટીસો આપીને પૈસા પડાવે છે અને તેથી વાદીને પણ જે ગરીબ માણસ છે.પ્રતિવાદી કાયદો હાથમાં લઈને વાદીનું મકાન દુર કરી દે તો વાદીને રસ્તે રજળતા થઈ જાય તેનું નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે.વાદીનો મજબુત પ્રથમ દર્શનીય કેસ છે અને માનઈ હુકમ

આપવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી કારણ કે વાદીની વર્ષો જુની વડીલોપાર્જીત મિલકત છે જ્યારે મનાઈ હુકમ ન આપવાથી વાદીને ખુબજ પારવાર હાડમારીનો સામનો કરવો પડે તેમ છે અને તેવા સંજોગોમાં મનાઈ હુકમના જરૂરી ત્રણે પરીબળો વાદીએ તર્ફેથી સંતોષાય છે તેમ જણાવી ને વાદીને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

આ કામે સામા પક્ષેથી વિધ્વાન વકીલશ્રી એમ.આઈ.દોલાએ એવી દલીલો કરેલ છે.આ કામના વાદીએ એવું સૌ પ્રથમ વાદીએ પ્રતિવાદી નંબર–૩ નાઓએ સામે દાવો કરેલ છે તે પ્રતિવાદી નંબર–૦૩ એ સામાન્ય માણસ નથી પરંતુ સરકારશ્રીના કર્મચારી છે અને તેથી પોતે સરકારી કર્મચારી ની હૈસિયતથી પોતાની ફરજ નિભાવે છે ત્યારે જયારે સરકારી કર્મચારી સામે દાવો લાવવાનો હોય ત્યારે સિવીલ પ્રોસીજર કોડ ૮૦ અન્વયે તેઓને નોટીસ આપવી એ ફરજીયાત છે જો નોટીસ આપવાનું શકય ન હોય તો નોટીસ વેવ કરવાની અરજી આપવી પડે અને નામદાર કોર્ટને યોગ્ય લાગે આગળની કાર્યવાહી થાય નોટીસ સિવાય તે દાવો દાખલ કરી શકાય નહી.પરંતુ હાલના કેસમાં વાદીએ નોટીસ વેવ કરવાની કોઈ દાદ માગેલ નથી અને તેવા સંજોગોમાં વાદીનો દાવો જે કાયદા મુજબ ટકી શકે તમે નથી ત્યારે જયારે વાદીનો દાવો કાયદા મુજબ નટી શકે તેમ ન હોય ત્યારે મનાઈ હુકમ મેળવવા વાદીનો કોઈ હકક,અધિકાર નથી.વાદી દાવો જોતા તેમોનું મિલકતના માલીક અને કબજેદાર હોવાનું કથન કરેલ છે પરંતુ મૌખીક રીતે કહેવાથી કોઈ માલીક હોવા અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ કરવો પડે વાદીએ તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.વાદી જો માલીક હોય તો તેની ચોકકસ પણે તેમની મિલકતના માપ જાહકારી ચોકકસ ોત પરંતુ વાદીએ આવા કોઈ માપો દર્શાવેલ નથી હવે. પ્રતિવાદીએ પંચાયત છે અને પંચાયત ધારા હેઠળ ગામમાં દબાણ ન થાય તે સત્ત જોતા હેવાની ફરજ છે અને જો દબાણ હોય તો તે તરત જ તે દુર કરાવવું પંચાયતની ફરજ છે અને તે પંચાયતના ભાગરૂપે વાદી જે દબાણ કરેલ છે ત્યારે પ્રતિવાદી તેઓને નોટીસ આપેલ છે અને વાદી દબાણ કરેલાનું કોર્ટ કમિશ્નરશ્રીના નકશામાં પણ આવેલ છે અને દબાણ કરનારે કોઈ મનાઈ હુકમ આપી શકાય નહી.તેવું નામદાર સર્વોચ્ચ અદાલત ઠરાવેલ છે અને વાદી નામદાર કોર્ટની સહાનુંભૂતી મેળવવા માટે ખોટો દાવો કરેલ છે અને પોતે પોતાના ખોટા કૃત્યને દાવાના ઓથા હેઠળ કાયદાને હાથો બનાવવાનો પ્રયત્ન કરેલ છે.ગ્રામ પંચાયતના સરપંચે ગામની ખુલ્લી જમીનો ઉપર ગામના લોકો જરૂરીયાત માટે છે તેમાં દબાણ ન થઈ જાય તે જોવાનું તેઓ સરપંચની ફરજના ભાગ હોય સરપંચે પંચાયતના કાયદેસરનું કૃત્ય કરેલ છે અને તે સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી કે ઈરીપેબલ લોસ થયા તેમ નથી અને વાદીની

તરફેણમાં કોઈ બેલેન્સ ઓફ કન્વીનીયસ નથી. તેવું જણાવીને વાદીનો દાવો અને દરમ્યાન મનાઈ અરજી ખર્ચ સંહિત નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં વિધ્વાન વકીલશ્રી એમ.આઈ.દોલાએ એવી દલીલો કરેલ છે કે વાદી જે દાદ માનાઈ અરજીમાં માગેલ છે તેવી દાદ મળી શકે નહી.તેવી દાદ વચગાળાના તબકક મળી શકે નહી તેવું જણાવીને તેઓની દલીલોના સમર્થનમાં વિધ્વાન વકીલશ્રી એમ.આઈ.દોલાએ રીસીલાબેન કેસરભાઈ પરમાર વિરૂઘ્ધ ઈન્દુબેન હેજાભાઈ સોલંકી ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે તે ચુકાદો માનસ વંચાણે લીધો.તે ચુકાદો જોતા યુનિવર્સીટીમાં પ્રતિક્ષા યાદી પ્રાધ્યાપકોની ભરતી જાહેર કરવામાં આવેલ તેમાં મુળ દાવા અરજીના અરજદાર મેરીટ લીસ્ટમાં સિલેકટ થયેલા અને ત્યારબાદ તે લીસ્ટ સૌરાષ્ટ્ર યુનીવર્સીટીમાં મંજુર થવા અર્થ મોકલવામાં આવેલ અને તે અંગે તે દાવો પ્રતિવાદી નંબર–૩ના મંજુર કરવામાં આવેલ નહી તે બાબતે યુનિર્વસિટી સામે અને બીજા પ્રતિવાદીઓ સામે દાવો દાખલ થયેલ અને દાવાની હકીકત સામે નામદાર વડી અદાલતે આખરી વચગાળાનો સ્ટે મળી શકે નહી તેથી નામદાર એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટનો જે મનાઈ હુકમ આપેલ તે ઉઠાવી લેવા હુકમ ફરમાવેલ જે ચુકાદોને હું વિનમ્ર પણે સંમત થાઉં છું. પરંતુ તે ચુકાદોની જે હકીકત અને આ કેસની હકીકત તદ્દન જુદી છે.જેથી હાલના કેસમાં તે ચુકાદો લાગુ પડતો હોય તેવું જણાતું નથી.તે જ રીતે વિધ્વાન વકીલશ્રી એમ. આઈ. દોલા એ ૨૦૦૬– જી.એલ.આર.– (૧)પૈજ નંબર – ૩૬૦ અમદાવાદ મ્યુનીસિપાલીટી કોર્પોરેશન વિરૂઘ્ધ ગૌતમભાઈ એસ.પટેલ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.તે દાવાની હકીકતો જોતા અમદાવાદ મ્યુનીસિપાલીટી કોર્પોરેશન એડવાન્સ લોન આપેલી અને તેમાં કર્મચારીઓના પગારમાંથી હપ્તા કાપી લેવા બાબતે હતો અને તે અંગે હોમલોનની જે રકમ આપવામાં આવેલ તે જે પગારમાંથી જ હપ્તા કપાતા હતા તે બાબતે દાવો દાખલ થયેલ અને તે અંગે અમદાવાદ મ્યુનીસિપાલીટી મહાનગરપાલીકા અધિનિયમ હેઠળ ૪૮૭અન્વયેની નોટીસ આપેલ ન હોવાના કારણો સર દાવો ચાલી શકે નહી તેવી તકરાર ઉઠાવેલી અને તેમાં નામદાર ગુજરાત વડી અદાલતે અમદાવાદ મ્યુનીશીપાલીટી કોર્પોરેશન કૃત્ય જે ગેરકાયદેસર હોય જેથી નોટીસ જરૂરી નથી તેવું મતંવ્ય લીધેલું જે જોતા ત ચુકાદો હાલના કેસમાં પ્રતિવાદીને કોઈ જ રીતે મદદરૂપ થાય તેવું જણાય આવતું નથી.તે ઉપરાંત પ્રતિવાદી તર્ફેથી ૧૯૯૯(૧ )જી.એલ.એચ. પૈજ નંબર–૮૪૬ જગનબેન એ.પટેલ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે જે ચુકાદો જોતા કેરોશીનનું લાયસન્સની નિભાવણી કરવા બાબતે ગુજરાત એસેન્શીયલ કોમોડીટી એકટ હેઠળ આપવામાં આવેલ લાયન્સની નિભાવણી કરવા બાબતેનો હતો અને તેમાં નામદાર ગુજરાત વડી અદાલતે આખરી રીતે જે દાદ આપી શકાય તેવી દાદ

વચગાળાના સ્ટેજે આપી શકાય નહી જે ચુકાદા સાથે હું વિનમ્ર પણ સંમત થાઉ છું.પરંતુ હાલના કેસમાં જે વાદી આખરી રીતે માગેલ દાદ હોય ત્યારે જ આ ચુકાદો લાગુ પડે.તે જ રીતે વિઘ્વાન વકીલશ્રી એમ. આઈ. દોલા ૧૯૯૪(૦)એ.આઈ.જે–ડી.એલ.૧૩૧૦૨૮૩ રાવત જૈન વિરૂઘ્ઘ દિલ્લી ડેવલોપમેન્ટ ઓથોરીટીના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.તે ચુકાદાની હકીકતો જોતા તે આ દાવાના સબંધે હોય તેવું જણાય આવતું નથી.

પ્રતિવાદીઓ તર્ફેથી વિઘ્વાન વકીલશ્રી એમ.આઈ.દોલાની દલીલો કરેલ છે તેના વિરૂઘ્ઘમાં વાદી તર્ફેથી વિઘ્વાન વકીલશ્રી એન.એચ.પટેલની દલીલો કરેલ છે કે,પ્રતિવાદી નંબર–૩ એ પંચાયતના કર્મચારી છે.તે સરકારી કર્મચારી નથી અને તેથી કલમ–૮૦ હેઠળ નોટીસ આ દાવામાં જરૂરી બનતો નથી કારણ કે સરકારશ્રી કે સરકારશ્રીના કર્મચારી સામે કોઈ દાવો નથી.

(૦૬)..વાદીની દરમ્યાન મનાઈ અરજી અને પ્રતિવાદીઓ તર્ફેથી રજુ થયેલ જવાબ તેમજ બન્ને પક્ષકારોના વિઘ્વાન વકીલશ્રીઓની રજુઆત તથા વાદી તર્ફેથી રજુ થયેલ પુરાવા ઘ્યાને લીધા.આ અરજીના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>//મુદ્દા//</u>**

મુદ્દા નંબર–૧::– શું વાદી પુરવાર કરે છે કે તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

મુદ્દા નંબર–૨::–શું વાદી સાબીત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ નો મુદ્દો વાદીના લાભમાં છે?

મુદ્દા નંબર–૩::–શુંવાદી પુરવાર કરે છે કે માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ના આવે તો તેનાથી નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

મુદ્દા નંબર–૪::– આખરી શું હુકમ ?

(૦૭)..ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે અનુસારના છે.

**<u>//નિર્ણયો//</u>**

મુદ્દા નંબર–૧:– હકારમાં

મુદ્દા નંબર–૨:– હકારમાં

મુદ્દા નંબર–૩:– હકારમાં

મુદ્દા નંબર–૪ઃ–આખરી હુકમ મુજબ.

(૦૮)..ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે અનુસારના છે.

**<u>//કારણો//</u>**

**<u>મુદ્દા નંબર–૧ થી ૩ ની ચર્ચા એકસાથે::–</u>**

(૦૯)..ઉપરોકત મુદ્દા પૈકીના મુદ્દા નંબર–૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ,જેથી પુનરાવર્તન ટાળવા ત્રણે મુદ્દાઓની એક સાથે ચર્ચા કરૂ છું.

(૧૦)..એક બાબતની ચર્ચા કરવી ઉચિત જણાય છે કે,આંક–૫ ની મનાઈઅરજી એટલે કે,કામચલાઉ મનાઈ હુકમની અરજીના નિર્ણય કરતા સમયે કોઈપણ દસ્તાવેજનું તલસ્પર્શી અભ્યાસ કરવાનો રહેતો નથી પણ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી વાદીનોપ્રથદર્શનીય કેસ છે કેકેમ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો મદ્દો વાદીના લાભમાં છે કે કેમ અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદી ને નાણાંથી ભરપાઈ ન થાય તેવું અનિવાર્ય નુકશાન જાય છે કે કેમ તેટલા મુદ્દા પુરતું જ દસ્તાવેજનું મુલ્યાંકન કરવાનું રહે છે અને જયારે જાહેર હિતની બાબતે હોય ત્યારે એકવધારાનો મુદ્દો ઘ્યાનમાં રાખવાનો રહે છે કે,ખાનગી હિત કરતાં જાહેર હિતને પ્રાધાન્ય આપવું જોઈએ અને તે બાબતોને ઘ્યાને લઈને તેટલા પુરતા દસ્તાવેજોને ઘ્યાને લેવામાં આવેલા છે.

(૧૧)..આ દાવાના કામે સૌ પ્રથમ જે પ્રતિવાદી તર્ફેથી જે તકરાર ઉઠાવેલ છે તે જોઈએ તો કલમ–૮૦ ની નોટીસ આપેલ નથી.તે અંગેની તકરાર છે પરંતુ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૮૦ની જોગવાઈ જોતા સરકારશ્રી કે સરકારશ્રીના કર્મચારીની સામે દાવો કરેલ હોય ત્યારે સીવીલ પ્રોસીજર કોડની કલમ –૮૦ મુજબ નોટીસ આપવી પડે અને જો નોટીસ આપી શકાય તેમ ન હોય તો તે સીવીલ પ્ર ોસીજર કોડનીકલમ–૮૦(૨)મુજબ નોટીસ વેવકરવા અદાલત સમક્ષઅરજી આપવી પડે અને અદાલતને યોગ્ય લાગે તો તે નોટી વેવ કરી શકે અને દાવો દાખલ કરવાની પરવાનગી આપી શકાય નહી તેવી જોગવાઈ છે અને હવે હાલના દાવાના કામે જે પ્રતિવાદીઓ છે તે પૈકી કોઈપણ સરકારશ્રી કે સરકારશ્રીના કર્મચારી હોય તેવું જણાય આવતું નથી અને તેવા સંજોગોમાં સિવીલ પ્ર ોસીજર કોડની કલમ–૮૦ મુજબ નોટીસ જરૂરી હોય તેવું હાલના સ્ટેજે જણાય આવતું નથી.હવે બીજી બાબત જોઈએ તો જયારે પંચાયતનું કૃત્ય જે ગેરકાયદેસરનું હોય ત્યારે નોટીસ આપ્યા સિવાય દાવો થઈ

શકે તેવું નામદાર ગુજરાત વડી અદાલતે અનેક ચુકાદામાં સ્થાપિત કરેલ છે અને પંચાયતનું કૃત્ય કાયદેસરનું છે કે ગેરકાયદેસરનું છે તે પુરાવાનો વિષય છે જે હાલના તબકકે નકકી ન થઈ શકે જેથી આ બાબતે હાલ કોઈ નિર્ણય થઈ શકે તેમ નથી.

આ કામે વાદીના દાવાનું કથન જોતા તેઓ દાવાવાળી જમીનના માલીક અને કબજેદાર છે.તેવું કથન છે અને પ્રતિવાદીઓએ બચાવ જોતા વાદીએ ગેરકાયદેસર દબાણ કરેલ છે તેવું પ્રતિવાદીનું મુખ્ય બચાવ છે પરંતુ વાદીએ કઈ રીતે દબાણ કરેલ તે કોઈ નોટીસમાં કે કોઈ કાયમી ખરાડો કે ગામમાં જે તલાટી ધ્વારા રાખવામાં આવતું આકારણી પત્રક છે તે સરપંચ તરફૈથી રજુ થયેલ નથી.જયારે વાદી તર્ફેથી જે નોટીસ નિશાની ૦૩/૦૧થી આકારણી પત્રક રજુ થયેલ છે તે ગ્રામ પંચાયત એટલ કે પ્રતિવાદી પંચાયત ધ્વારા નિભાવવામાં આવતું આકારણી પત્રક છે તેમાં અનુક્રમ નંબર–૧૫૭ નંબરથી કોળીવાડ ફળીયામાં આવેલ મિકલત નંબર–૧૩૭ જે ઘર અને તથા ગભાણ છે તે મિલકતના માલીક અહમદ મહમદ આદમ એટલે કે વાદીનંબર–૧ના હોય તેવું જણાય આવે છે અને તેઓ પોતાનો કબજો ભોગવટો કરતા હોય તેવું જણાય આવે છે.તે જ રીતે નિશાની ૦૩/૦૨જોતા તે મિકલત બાબતેનું એટલ ે કે દાવાવાળી મિલકત બાબતેનું પ્રતિવાદી સંસ્થાએ વાદી પાસેથી તારીખ ૧૭/૧૨/૧૯૯૩ના રોજ વેરા ફીની માંગણી કરેલ હોય તેવું જણાય છે.નિશાની ૦૩/૦૩ થી રજુ થયેલ દસ્તાવેજ જોતા પ્રતિવાદી સંસ્થાએ તારીખ ૨૭/૧૨/૧૯૯૪ના રોજ દાવાવાળી મિલકત બાબતે જુદા જુદા વેરા બાબતેની વાદીની પાસે વેરા ફીની માંગણી કરેલ હોય તેવું જણાવે આવે છે.જયારે નિશાની ૦૩/૦૪ જોતા તારીખ ૨૩/૧૧/૨૦૦૪ના રોજ પ્રતિવાદી સંસ્થાએ વાદી પાસેથી જુદા જુદા વેરા ફીની માંગણી કરેલ હોય તેવું જણાય આવે છે.તે જોતા દાવાવાળી મિલકત પંચાયત આકારણી પત્રકમાં વાદીનું નામ ચાલતું હોય તેવું જણાય છે અને પ્રતિવાદી પંચાયત તે મિકલતનું સને–૧૯૯૩થી જુદા જુદા વેરાની માંગણી કરેલ હોય તેવું જણાય છે.જો વાદી મિલકતના માલીક ન હોય તો પ્રતિવાદી સંસ્થા તેઓની પાસેથી વેરાની માંગણી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય નહી અને પંચયાત તર્ફેથી વાદી જે મકાનમાં બનાવવામાં આવેલ છે તે દબાણ કરેલ તેની નોટીસ કોઈ આધાર પુરાવો કે રેકર્ડ રજુ કરેલ નથી ત્યારે પુરાવા લીધા સિવાય વાદીએ દબાણ કરેલ હોય તે માની શકાય નહીં અને કોર્ટ કમિશ્નરશ્રીના જે પંચનામું છે તે જોતા સ્થળ ઉપર વાદી જે મકાનમાં અસ્તિત્વ હોય અને તેમાં વસવાટ ચાલું હોય તેવું જણાય છે.ત્યારે હાલના તબકકે વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય આવે છે અને તેવા સંજોગોમાં પ્રતિવાદીઓ વાદીના મિકલત એટલે કે મકાનને તોડફોડ કરી તો વાદીને તરત જ ઘર વિહોણું થવું પડે તેવું સ્પષ્ટ થાય છે અને તેનું નુકશાન નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તવું નિવારી ન શકાય તેવું નુકશાન જાય તેવું જણાતું હોય જેથી વાદીનું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ નો મુદ્દો વાદીના લાભમાં હોય તેવું જણાય આવે છે.હવે પ્ર

તિવાદીઓએ જે બચાવ લીધેલ છે કે વાદીનો કામચલાઉ મનાઈ હુકમ જો મંજુર કરવામાં આવે તો પુરાવા લીધા સિવાય આખો દાવો મંજુર થઈ જાય તેવો બચાવ લીધેલ છે અને તે જ બાબતે ઉપર મુજબના ચુકાદાઓ પ્રતિવાદીઓ તર્ફેથી રજુ થયેલ છે.પરંતુ વાદીની દાદ જોતા દાવો જમીનની માલીકી છે તે બાબતેની જાહેરાતની દાદ માગેલ છે.જે દાદ પુરાવો લીધા સિવાય હાલના તબકકે હોય હાલના તબકકે કાયમી મનાઈ હુકમ માગેલ નથી.તેથી આ અરજી મંજુર કરવાથી પુરાવા રેકર્ડ પર લીધા સિવાય દાવનો આ તબકકે આખરી દાવાનો નિર્ણય થઈ જતો હોય તેવું હાલના તબકકે જણાતું નથી.તેવા સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મુદ્દા નંબર–૧ થી ૩ વાદીના તરફેણમાં હોય તેવું જણાતું હોય જેથી મુદ્દા નંબર–૧ થી ૩ નો જવાબ હકારમાં તેમજ મુદ્દા નંબર–૪ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**//હુકમ//**

(૦૧)..વાદીની આંક–પની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૦૨)..આકામના પ્રતિવાદીનાઓને એવો હુકમકરવામાં આવે છે કે,વાદીએ દાવાઅરજીનાં પેરા–૧માં જણાવેલ મિલકત કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામામાં અને નકશામાં જણાવ્યા મુજબની સ્થળ પરની સ્થિત દાવાના આખરી નિર્ણય સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી અને હુકમ મુજબની સ્થળ પરની પરિસ્થિતિ મુજબ વાદીના મકાનમાં પ્રતિવાદીઓએ કોઈપણ પ્રકારનું તોડફોડ કરવું કરાવવું નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂઘ્ધમાં દાવાના આખરી નિકાલ સુધી ફરમાવવામાં આવે છે.

(૦૩)..અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ–૨૯મી માહે–જુલાઈ–સને–૨૦૧૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ::–૨૯/૦૭/૨૦૧૫
મુકામ::–આમોદ.

( અરફાત અબ્દુલ કાદર વાયડા.)
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.,
આમોદ.,
કોડ નંબર–જીજે–૦૦૯૮૬